# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

# CDO PRAKASH SAMIKSHA

FORTNIGHTLY

Since 1925...

સળંગ વર્ષ ૯૫મું

Volume : 22 • Issue 20 • Pages 26 • Mumbai Dated : 20th May 2020 • Yearly Subscription Rs.50/-

Visit us at : www.prakashsamiksha.com • kdoprakash@gmail.com


જય ધરણેન્દ્ર

જય માઁ પદ્મે

॥ શત્રુંજયાવતાર ૭૨ જિનાલય તીર્થ મંડન ચૌમુખ ચક્રેશ્વરી પરિપૂજિત શ્રી આદિનાથાય નમઃ ॥
॥ પાલી તીર્થ મંડન શ્રી મહાવીર શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥
॥ દાદા ગુરુદેવશ્રી આર્યરક્ષિત-જયસિંહ-કલ્યાણ-ગૌતમ-ગુણ-ગુણોદય-કલાપ્રભસાગરસૂરિ સદ્ગુરુભ્યો નમઃ ॥

જાપ પ્રારંભ
વૈશાખ સુદ ૧૫
તા. ૬-૫-૨૦૨૦
બુધવાર

## ૐ હ્રીં અર્હં નમઃ નો ત્રિવર્ષીય ૭૨ કરોડ જાપ મહાઅભિયાન

શુભસ્ય શીઘ્રમ
માત્ર ૨૭૨
ભાગ્યશાળી
વહેલો તે પહેલોના
ધોરણે લેવામાં
આવશે.

**વ્યક્તિ દીઠ અથવા ઘર દીઠ**
**રોજની ૨૫ માળા ગણવાની રહેશે.**

(નોંધ : કોઇ દિવસ જાપ પૂરો ન થાય તો માળા આગળ પાછળ પૂરી કરવી.)

ભવોભવનો પ્રવાસી આપણો આત્મા જ્યારે શુભ નિમિત્તવાસી બને છે. ત્યારે તે સુકૃત અને સદ્ગુણથી સુવાસિત પણ બને છે. ગુરુનું ગુણદર્શન આપણા કર્મબંધક ગારવોને ગાળી દે છે. ગર્વાદિક કષાયોને ઓગાળી દે છે અને સાધક તરીકેના/સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા તરીકેના આપણા ગૌરવને અજવાળી દે છે. કરણ-કરાવણ-અનુમોદને સરીખા ફળ પ્રાપ્તિની વાત... અહો ! જૈન શાસનની કેવી એક અનોખી રીતભાત.... લ્યો ત્યારે આપણે ય એક નાનકડા નિમિત્તને પામીને નમ્ર અને નિર્મલ બનવાનું એક નવ્ય ભવ્ય નમણું નજરાણું સ્વીકારી...જીવનની ધન્યતા-સાર્થકતા અનુભવીએ...

**: કૃપા તીર્થ :**

જિનશાસન શિરોમણિ, તપગચ્છ ચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી **ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા.
રાજસ્થાનદીપક પ.પૂ. ગુરુદેવ આ.ભ. શ્રી **કલાપ્રભસાગરસૂરીશ્વરજી** મ.સા.

**: દિવ્ય તીર્થ :**

પાલીરત્ન અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી **ગૌતમસાગરસૂરીશ્વરજી** મ.સા.
શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી **ગુણસાગરસૂરીશ્વરજી** મ.સા.

**: શ્રદ્ધાતીર્થ :**

સરલસ્વભાવી પ.પૂ.આ.ભ. શ્રી **કવીન્દ્રસાગરસૂરીશ્વરજી** મ.સા.
જ્યોતિષાચાર્ય પ.પૂ.આ.ભ. શ્રી **વીરભદ્રસાગરસૂરીશ્વરજી** મ.સા.
આગમાભ્યાસી પ.પૂ.આ.ભ.શ્રી **મહોદયસાગરસૂરીશ્વરજી** મ.સા.

**: પ્રોત્સાહન તીર્થ :**

પ.પૂ. મુનિરાજશ્રી **પૂર્ણભદ્રસાગરજી** મ.સા., પ.પૂ. મુનિશ્રી **રાજરત્નસાગરજી** મ.સા., પ.પૂ. મુનિશ્રી **પુણ્યોદયસાગરજી** મ.સા. આદિ શ્રમણવૃંદ તથા પ્રવર્તિની મહત્તરા સાધ્વી મુખ્યા પૂ. સા. શ્રી **વસંતપ્રભાશ્રીજી** મ.સા. આદિ શ્રમણીવૃંદ

**પ્રેરણાતીર્થ : ગુરુગુણકૃપાપાત્ર, પાલીતીર્થપ્રેરક પ.પૂ. ગુરુદેવશ્રી કમલપ્રભસાગરજી મ.સા.**



શાસન સમ્રાટ "સૂરિગુણ" ના આ સ્વપ્ન તીર્થ ૭૨ જિનાલય ની પ્રતિષ્ઠાનો રજત અવસર

## ...નિર્મલ નિમિત્ત...

જિમ કંઠમાં સોભે હાર તિમ કચ્છ કંઠી પ્રદેશે,
સોભે ૭૨ જિનાલય શત્રુંજયાવતાર,
નિકટવર્તી ગામ છે કોડાય કચ્છનું કાશી,
ને પ્રમુદિત થાય ૭૨ તીર્થના યાત્રાપ્રવાસી.



સંકલ્પ સંઘોપકારી, ૭૨ જિનાલય પ્રતિષ્ઠાપક, જિનશાસન શિરોમણિ, વર્તમાન ગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી **ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા. નું ૭૯ વર્ષે પાંચમું ચાતુર્માસ



સંયમ "ન લીધા" તો સંસાર મેં "ખોના" હી ખોના હૈ... ની માર્મિક ગુરુવચન ટકોરને ઝીલી લઈને ૬૩ વર્ષની વૃદ્ધવયે ચારિત્રપદારૂઢ બનનાર...."જેમાં વસ પરથી ખસ" એ વાક્યને વર્તનમાં વણી લઈને અપ્રમત્તપણે સતત તપ-જપ-આરાધનામાં સંયમજીવનને સાર્થક કરનારા...ગુરુગુણકૃપાપાત્ર, કચ્છ કોહીનૂર પૂ. ગુરુદેવશ્રી **કમલપ્રભસાગરજી** મ.સા. ના શિષ્યત્વને પામનારા...૭૨ જિનાલય પ્રતિષ્ઠા સમયે દીક્ષા લઈ રજત વર્ષમાં પ્રવેશી ૯૨મી ઓળી પૂર્ણ કરનાર, તપોરત્ન પૂ. મુનિશ્રી **હીંકારસાગરજી** મ.સા. ૮૮ વર્ષની આ ઉંમરે બાકી રહેલ જ ઓળી સ્વસ્થપણે નિર્વિઘ્નતયા પૂર્ણ કરી **૧૦૦ ઓળીના લક્ષ્યને આંબી વર્ધમાન તપોનિધિ** બની શાસન ગૌરવ વધારે.... સાથે સાથે પૂ. સા. શ્રી **સૌમ્યલતાશ્રીજી** મ.સા., પૂ.સા. શ્રી **લક્ષ્યગુણાશ્રીજી** મ.સા., પૂ. સા. શ્રી **ચિંતનગુણાશ્રીજી** મ.સા. આદિ પણ શીઘ્રતયા શાતાપૂર્વક ૧૦૦ ઓળીના લક્ષ્યને પામે.

શ્રી તીર્થંકરગણધર પ્રસાદાત્ મમ એષ યોગઃ ફલતુ
(૩ વાર બોલવું)

**પ્રાર્થના**

ૐ હ્રીં અર્હં નમઃ સહુ જપીએ,
આત્મરમણતા એ આગળ ધપીએ
ક્ષણક્ષણમાં બહુ કર્મો ખપીએ
અર્હં વિણ બીજું ન આલપીએ... ૐ હ્રીં (૧)
અર્હં જાપે વિઘ્ન સવિ જાવે,
દુર્ગતિ દુઃખ વિલય સવિ થાવે,
સર્વ અશિવ શ્રાપદ ભયનાવે,
ઋદ્ધિસિદ્ધિ પગપગ મળી આવે...ૐ હ્રીં (૨)
સિદ્ધચક્ર બીજમંત્ર એ મોટો,
મંત્રોમાં એનો ન મળે જોટો,
એ જપી મંત્ર દ્યો કર્મોને સોટો,
ગૌતમનીતિ 'ગુણ' કહે ભવખોટો...ૐ હ્રીં (૩)

**શુભ સંકલ્પ**

અણુ પરમાણું શિવ બની જાઓ
અખિલ વિશ્વનું મંગલ થાઓ
સર્વે જીવો મોક્ષે જાઓ
સૌના તપ-જપ પૂરણ થાઓ.

## અનુમોદનાની આરાધના અર્થે આત્મીય અપીલ

સકલ સંઘ - સમાજના સદૈવ હિતચિંતક અચલગચ્છાધિપતિ
પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.
એ આપણા સમસ્ત ચતુર્વિધ સંઘના
સર્વ પ્રકારીય કલ્યાણાર્થે છંદના માધ્યમે જાપ સંદેશ આપ્યો છે.
વિઘ્નવિદારક, વાંછિતપૂરક, રિદ્ધિસિદ્ધિદાયક

**ૐ હ્રીં અર્હં નમઃ સૌ જપીએ...**

એ પરમગુરુપ્રદત્ત મંત્ર દાન આપણા માટે વિશિષ્ટ વરદાન છે.
અમેય ભાવબળનું એક ભવ્ય આલંબન છે જાપ...
હે ગચ્છ ગગનાંગણના ગૌરવપૂર્ણ તેજસ્વી નક્ષત્ર સમા
પૂ. ગુરુવરો ! પૂ. ગુરુવર્યાઓ !!
હે સુકૃતાભિલાષી શ્રાવકજનો !! શ્રાવિકા બહેનો !!
આપણે એ ગુરુપ્રદત્ત જાપ મંત્રના
સતત અને સવિશેષ આલંબને
સાધનાના સૂક્ષ્મબળના સર્જને ઉપરોક્ત
પૂજ્યોના શુભ સંકલ્પોને ભાવબળ પુરું પાડીએ.

**શુભ ભાવના**

- પ્રીમીયમ રોજની ૨૫ માળાનું અને ત્રિવર્ષીય વીમો ૨૭ લાખનો... વાહ ! કેવું સરસ !!!
- આપણા સૌના ઉત્થાન માટે ચાલો કરીએ આ પુણ્ય પંથે પ્રસ્થાન...
- અનુભવીએ તનમનથી કે જાપ થાય તો પાપ જાય...
- સૂક્ષ્મનું બળ એ મહાન તપસ્વીઓને મળજો...અને સાધનાનું ફળ આપણને સૌને મળજો.

**સૂચના**

- આપેલ પ્રાર્થના - સંકલ્પ બોલીને જ જાપ કરવો.
- સામાયિક, મૌન સહ એક બેઠકે જ ૨૫ માળા થાય તો અતિ ઉત્તમ...અન્યથા આખા દિવસમાં ગણી શકાય...
- પ્લાસ્ટિકની માળા નહીં ચાલે
- તમારું નામ, ગામ, સરનામું, ફોન નં. નીચેના સંપર્ક સૂત્ર પર જરૂરથી જણાવજો.
- જાપમાં જોડાનાર હે પૂજ્યો !! આપ અમારા રાહબર છો...અમને પ્રોત્સાહિત કરવા આપનું નામ જરૂરથી જણાવજો...આભાર...

**સંપર્ક સૂત્રો**

| | | | | |
|---|---|---|---|---|
| કીર્તિભવાનજી હરિયા | કુલીન હીરાચંદ ખોના | રાજેશ વિસનજી છેડા | પ્રફુલ માવજી ગોસર | CA જેકીન રાજેશ દેઢિયા |
| (શેરડી-ભાંડુપ) | (નલિયા-સોનગઢ) | (મોટા આસંબિયા-ગોવર્ધન નગર) | (વીંઢ - મુલુંડ) | (નાના રતડીયા-ઘાટકોપર) |
| ૯૮૬૭૩ ૭૭૩૦૦ | ૯૩૨૮૦ ૦૫૧૨૭ | ૯૮૯૨૨ ૮૦૭૫૮ | ૯૮૬૭૩ ૩૮૭૭૩ | ૮૦૮૦૪ ૪૦૧૭૧ |

ભાગ્યશાળી પુણ્યાત્માઓ....!! વય અને શારીરિક પરિસ્થિતિને જોતાં ગજા બહારના પ્રેરક પુરુષાર્થે ૧૦૦ ઓળીનો અભિલાષ આ તપોરત્ન મુનિશ્રી સેવી રહ્યા છે, ત્યારે એમની શુભાભિલાષા પૂરી કરવા આપણે જાપમાં અવશ્ય જોડાવું જ રહ્યું...લિ. ગૌતમ ગુણ વિહાર-પાલી તીર્થ ટ્રસ્ટીઓ

RIHITA S MARU

**આદ્યતંત્રીઓ**
''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
ડૉ. હિરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના
ઉદયન લાલજી લોડાયા
મુકેશ ભવાનજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : ડૉ. હિરાચંદ દામજી દંડ
માનદ્‌મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર
**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા

**: ઑડીટર્સ :**
CA હિતેશ મણીકાંત ધરમશી

અંક નં.૨૦
તારીખ : ૨૦-૦૫-૨૦૨૦

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. CHINTAN GRAPHICS**
Dr. Babasaheb Ambedkar Chowk,
90ft Garage Lane,
Opp. Shastri Nagar, Pant Nagar,
Ghatkopar (E), Mumbai - 400075.
Tel.: 022-2508 4463 / 64 / 65
E-mail : kdoprakash@gmail.com

સમય : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463 / 64 / 65**
**Mob.: 98211 54326**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com

**તંત્રી સ્થાનેથી**

# કચ્છડો બારેમાસ, કોરોના દરમિયાન અને બાદ

તા.૧૨-૦૫-૨૦૨૦ના દિવસે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ દેશને સંબોધતા કોરોના મહામારીના સંદર્ભમાં કચ્છમાં થયેલ ૨૦૦૧ના વિનાશક ભુકંપનો ઉલ્લેખ કરીને કહ્યું કે આ વિનાશક ભુકંપ બાદ કચ્છ ફરી ઉભું થયું.

આપણું કચ્છ દેશનો સૌથી મોટો જિલ્લો છે અને કેરાલા રાજ્ય કરતા મોટો વિસ્તાર છે. છેલ્લા કેટલાક વર્ષોમાં કચ્છમાં ખેતી, પશુપાલન, ટ્રાન્સપોર્ટ, ટુરિઝમ/યાત્રા પ્રવાસ, નાનાથી કરીને મોટા લઘુઉદ્યોગો અને બંદરોનો ખૂબ જ સારો વિકાસ થયો છે.

ઘણા બધા કવીઓ, વાગડના કચ્છીઓ, આપણા જ્ઞાતિબંધુઓ જેઓ કચ્છથી બહાર સ્થાઈ થયા છે એમણે ખેતીવાડી, ડેરી અને બીજા ઉદ્યોગો વિકસાવ્યા છે અને સાથે સાથે ઘણી મોટી માત્રામાં જમીનોની ખરીદી કરી છે.

કોરોના મહામારીએ મુંબઈ જેવા શહેરને લગભગ સ્થગિત કરી દીધું છે અને કામ ધંધા લગભગ બંધ છે. હજારો શ્રમિકો મુંબઈ છોડી વતન જઈ રહ્યા છે. આવામાં પ્રધાનમંત્રી દ્વારા કચ્છનો ઉલ્લેખ કચ્છીઓની દરિયા દિલી, કચ્છીઓની ખુમારી, સાહસિકતા અને સંકટોનો સામનો સામી છાતીએ કરવાની આવડત દર્શાવે છે.

કોવિદ-૧૯ પછી વસ્તીથી ફાટફાટ થયાં ગીચોગીચ શહેરોનું ભવિષ્ય જીવનના દરેક પાસાની દ્રષ્ટિએ શું હશે? કચ્છીઓનું અને કેડીઓનું ભવિષ્ય શું? આવી આપદાઓથી આર્થિક, સામાજિક અને સ્વાસ્થ્ય મોરચે લડવા શું કચ્છમાં જમીન લેવી? ઘર લેવું અને ઉદ્યોગ ધંધા વિકસાવવા તૈયારી કરવી? વિચાર જરૂરથી કરવો. અત્યારે કદાચ આ વિચાર ગળે ન ઉતરે પણ જ્યારે પરપ્રાંતીયો અને ઉદ્યોગો કચ્છમાં સસ્તી મળતી હજારો એકર જમીનો એક યા બીજી રીતે ઓછા ભાવે મેળવશે ત્યારે કચ્છીઓ ક્યાં જશે? મહારાષ્ટ્ર માટે પરપ્રાંતીયોનો પ્રશ્ન સ્થાનિક પ્રજા માટે પ્રાણ પ્રશ્ન બની ગયો છે.

જો કચ્છીઓ કચ્છ તરફ ધ્યાન નહી આપે, પોતાનો વિચાર નહીં કરે અને એની માલમિલકતોનુ સંરક્ષણ નહી કરે તો કચ્છી બધી જ જાતની અસુરક્ષિતાઓથી ઘેરાઈ જશે. યાદ રહે કચ્છના સિમાડાઓ છાના દુશ્મનથી ઘેરાયેલા છે અને એને આપણી સંસ્કૃતિ અને આપણને ખદેડતા વાર નહીં લાગે. આપણે આવું આપણા દેશના બીજા રાજ્યોમાં થતું જોઈ રહ્યા છીએ. ક.દ.ઓ. જ્ઞાતીની મોટી સંસ્થાઓ છેલ્લા બે ત્રણ વરસથી જ્ઞાતિના ઉત્કર્ષ માટે ખૂબજ કાર્યરત થઈ છે, પણ મોટે ભાગે આનો લાભ શહેરી ક.દ.ઓ.ને મળતો હશે.

છેલ્લા કેટલાક વર્ષથી કેડીઓ ક્લાસિક કચ્છમાં આપણી જ્ઞાતિનો વિકાસ થાય એ માટે ખૂબજ પ્રયત્નશીલ છે. મળતા સમાચાર મુજબ કેટલી કચ્છી જૈન જ્ઞાતિઓ અને કચ્છી ભાનુશાલી સમાજે ખેતી અને ઉદ્યોગ ધંધા માટે કચ્છ તરફ નજર ફેરવી છે.

ટુંક સમયમાં ખેતી અને નાના લઘુ ઉદ્યોગોમાં છુટછાટ રાહતો આપતી જાહેરાત થશે.

આપણા ઘણા જ જ્ઞાતિજનોએ કચ્છ તરફ નજર કરી હશે પરંતુ કદાચ માર્ગદર્શન અને થોડા ટેકાની વાટ જોતા હશે. જ્ઞાતિની મોટી સંસ્થાઓ પાસે આ અવસર છે કે જ્ઞાતિજનો જે કચ્છમાં ઉદ્યોગ ધંધા અથવા નોકરીની તક શોધતા હોય એને માર્ગદર્શન અને પ્રોત્સાહન આપવા એક સમિતિ બનાવે જે નક્કર કાર્ય કરી શકે.

'કચ્છડો બારેમાસ'. કચ્છ હંમેશા સમૃધ્ધ હતું, હવે આપણો વારો છે.

**– ઉદયન શાહ**

| પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી | | | | |
|---|---|---|---|---|
| કલર પાનાની જાહેરાત | | | | |
| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| ૫ા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

| બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત | | | | |
|---|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| ૫ા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

# કોરોના મહામારીને મહાત કરનારા શ્રી પ્રવિણ હંસરાજ લોડાયા (આરીખાણા-મુલુંડ)



મુલુંડ (પૂર્વ)માં રહેતા આપણા જ્ઞાતિજન શ્રી પ્રવીણ લોડાયાના સંયુક્ત કુટુંબમાં આઠ જણાનો કોરોના ટેસ્ટ પોઝીટીવ આવવા છતાંએ કુટુંબીજનો અને મિત્રોના સાથ સહકાર દ્વારા મક્કમ મનોબળ, હિંમત અને નીડરતાથી આ મહામારી સામે લડત આપી કાબિલે તારીફ વિજય મેળવ્યો છે. એમનું ૧૫ સભ્યોનું સંયુક્ત કુટુંબ છે અને વાશી નવી મુંબઈની એપીએમસી માર્કેટમાં અનાજનો વ્યવસાય છે. એમના એક ભત્રીજાને ૨૯-૪-૨૦૨૦ના તાવ આવતા તા.૩૦-૪-૨૦૨૦ના એપીએમસી માર્કેટમાં ટેસ્ટ કરાવતાં તેમનો ટેસ્ટ પોઝિટીવ આવ્યો છે, એવું મહાપાલિકા દ્વારા જણાવવામાં આવ્યું હતું. પણ કોરોનાના કોઈપણ લક્ષણ નહોતા જેથી ઘરે જ એમને ક્વોરેન્ટાઈનમાં રાખવામાં આવ્યા. આ પછી તા.૧-૫-૨૦૨૦ના આખા કુટુંબનો અને ચોકીદારનો કોરોના ટેસ્ટ ખાનગી લેબોરેટરીમાં કરવામાં આવ્યો અને આ દિવસથી કુટુંબના દરેક સભ્યો ઘરની અંદર જ અલગ અલગ ઓરડામાં ક્વોરેન્ટાઈન થઈ ગયા. તા.૩-૫-૨૦૨૦ના ટેસ્ટના ૭ પોઝિટીવ અને ૮ નેગેટીવ પરિણામો આવ્યા. સારવારમાં દરેક ઓરડામાં ઈન્ફારેડ થર્મોમીટર અને ઓક્સિજનની વધઘટ જણાવતા યંત્ર મૂકવામાં આવ્યા હતા. દરેક કુટુંબીજનો એ દિવસમાં ત્રણવાર શરીરનું તાપમાન તથા ઓક્સિજનની વધઘટની નોંધ લેવાનું શરૂ કર્યું. ક્વોરેન્ટાઈનની શરતોનું શિસ્તબધ્ધ રીતે પાલન કરવામાં આવ્યું.

સારવાર અને રોગપ્રતિકારક વધારવા મલ્ટી વિટામીન અને આયુર્વેદિક ઉપાયો જેવા કે દર કલાકે ગરમ પાણી પીવું, બે વખત વરાળની બાફ લેવી, બે વખત હળદર-મીઠાના પાણીના કોગળા કરવા. સુંઠવાળું ગરમ પાણી બે થી ત્રણ વખત, સુંઠનો પાવડર જીભ ઉપર મુકવો અને નાક વાટે સુંઘવો. આ બધા ઉપાયો બહુ જ અસરકારક નિવડ્યા અને ૧૦ દિવસ એટલે કે ૧૧-૦૫-૨૦૨૦ના કુટુંબના કોઈપણ સભ્યને તાવ, છીંક કે ઉધરસ જેવા એકપણ લક્ષણ દેખાયા નહીં. આ એક રસ્તો આપણી રોગપ્રતિકારક વધારવાનો છે. પ્રવીણભાઈ અને તેમના કુટુંબીજનોને સલામ.

# કોરોના વાઇરસ –ભાગઃ ૨ ભાવિ યુદ્ધની નવી પદ્ધતિ સામે બચાવની નવી રણનીતિ અને વ્યવસ્થા

આ લેખના ભાગ ૧ માં મેં લખેલ કે યુદ્ધ એ એક સતત અને નિરંતર પ્રક્રિયા છે. અને સમયાનુસાર આ યુદ્ધની પ્રકૃતિ,પદ્ધતિ અને સ્તર અલગ હોય છે. હવે પછીના યુદ્ધો મોટા ભાગે જૈવિક યુધ્ધો થવાના છે કેમકે યુદ્ધની ઉત્ક્રાંતિમાં તે સૌથી સરળ અને સસ્તું વિકલ્પ છે, જે દુશ્મન દેશના માનવધન અને અર્થવ્યવસ્થાને ખતમ કરી નાખે છે અને તે દેશમાં સામાજિક અવ્યવસ્થા ફેલાવી શકે છે. કોવિદ઼઼ઃ૧૯એ આ પ્રકારના યુદ્ધનું માત્ર 'ટ્રેલર' છે, કે પ્રયોગ છે. જયારે પૂર્ણ સ્તરની લડાઈ થાય તો, તે કેવી ભયાનક કે વિનાશક હોઈ શકે તે વિચાર કે કલ્પના ગમે તેવા લોહપુરૂષને પણ કમકમાવી દે. પણ મનુષ્યની જીજીવિષા એટલી પ્રબળ છે કે તે આવી ઘણી મુશ્કેલીઓ, લડાઈઓ, મહામારીઓ, આપત્તી કે વિપત્તિ અને કહેરના માર સહીને થોડા સમય બાદ ફરીથી નવી વ્યવસ્થા, નવી જીવન શૈલી અને નવી પ્રતિકારક તૈયારી કરીને અલ્પવિરામ બાદ આગળ વધે છે.

આ અલ્પ પ્રસ્તાવના બાદ આ લેખના હાર્દ તરફ આગળ વધીએ. કોરોના અથવા કોવીડ ૧૯ એ એવી મહામારી છે જેના ઉપચાર માટે હાલમાં કોઈ અકસીર કે સર્વમાન્ય દવાઈ અને તેને રોકવા માટે કોઈ રસી ઉપલબ્ધ નથી. કારણકે શ્વાસતંત્રના પ્રચલિત રોગ ઇન્ફ્લૂએન્ઝા પ્રકારની પણ તદ્દન અલગ એવી આ બીમારી પેદા કરતા વિષાણુ હાલમાં જ શોધાયા છે, તેથી અંગ્રેજીમાં તેને 'નોવેલ કોરોના વાઇરસ' આ નામ અપાયું છે. કોઈ પણ નવા રોગની દવા અને રસી શોધવા માટે સમય લાગે છે. અને જે લોકોની રોગપ્રતિકારક ક્ષમતા કે શક્તિ વધારે હોય તેવા લોકો પ્રમાણમાં સલામત છે. આ રોગ લગભગ ત્રણ મહિનાથી કહેર મચાવી રહ્યો છે, અને ડોક્ટરો, વૈજ્ઞાનિકો અને વાઈરોલોજિસ્ટો એ મત, મંતવ્ય અને સાર પર આવ્યા છે કે આ રોગ સંક્રમણ કે વ્યકતિગત સંપર્કમાં આવવાથી ફેલાય છે અને શ્વાસતંત્રને અસર કરતો રોગ હોવાથી જે વ્યકતિને આ રોગ લાગુ પડેલ હોય તે, કે તેવા રોગીના સંપર્કમાં આવેલ વ્યકતિને પણ આ રોગનો ચેપ લાગવાની શક્યતા અત્યંત વધારે હોય છે તેથી એક બીજાથી અંતર રાખવું એજ આ રોગને ફેલાતો અટકાવવાનો એક માત્ર અકસીર અને સરળ ઉપાય છે, અને ઓછામાં ઓછું એક મીટર વ્યકતિગત અંતર રાખવું હિતાવહ છે. આ રીતે 'સોસીઅલ ડિસ્ટેન્સીન્ગ' આ શબ્દ સમૂહ આજકાલ વારંવાર સાંભળવા અને વાંચવા મળે છે. તે ઉપરાંત થૂંક, છીંક, લીંટ અને હસ્તધૂનન આ રોગના વિષાણુઓને વહન કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે તેથી મોઢા પર 'માસ્ક' કે મૂંહપતિ લગાડવી પણ આવશ્યક છે.

લગભગ ૮-૧૦ વર્ષો પહેલાં ટીવી પર વંદા, કંસારી કે 'કોક્રોચ' ના ઉપદ્રવ સામે એક એવી જેલ કે પેસ્ટની જાહેરાત આવતી જેમાં આ દવાના ટીપા થોડા થોડા અંતરે જ્યાં આ જીવાતનો ઉપદ્રવ હોય તે જગ્યા પર મૂકી રાખવાના, અને આ પેસ્ટ બનાવનાર કંપનીનો એવો દાવો હતો કે કોઈ પણ એક વંદો કે કંસારી આ દવાના સંપર્કમાં આવે અને તેવા વંદા કે કંસારીના સંપર્કમાં અન્ય કોઈ વંદો કે કંસારી આવે તો તેને પણ આ દવાની અસર થાય અને મલ્ટી લેવલ માર્કેટિંગ ની 'કાસકેડિંગ ઈફેક્ટ' ની જેમ આ વંદા અને કંસારીઓ થોડા સમય પછી મૃત્યુ પામે છે. કોરોના વાઇરસ કે કોવીડ ૧૯ પણ આજ રીતે ફેલાય છે તેથી સમૂહ મિલન કે જ્યાં મોટી સંખ્યામાં વ્યકતિઓ એકઠી થાય તેવા દરેક આયોજનો, વ્યવસાયો, સ્થાનો, સેવાઓ અને વ્યવસ્થાને બંધ કરવા માટે ભારત સરકારે 'લોક-ડાઉન' જાહેર કરેલ છે અને જેને હાલ ૩૧ મે સુધી લંબાવેલ છે, અને આ રીતે કોરોના રોગના વિષાણુઓના વહન માટેની સાંકળ તોડીને સામુહિક સંક્રમણ કે ચેપને રોકવાનો ઉપાય કરેલ છે જે હાલના સમય અને સંજોગમાં બહુજ જરૂરી અને સ્તુત્ય પગલું છે.

આજ સુધી 'લોક-આઉટ' અને 'લોક-અપ' આ શબ્દો પ્રચલિત હતા અને કોવીડ ૧૯ ના કારણે આ નવો શબ્દ 'લોક-ડાઉન' પ્રચારમાં આવ્યો. ગુજરાતમાં તો મજાકમાં લોકો કહેતા થઇ ગયા કે 'લોક-ડાઉન'નું પાલન નહીં કરો તો 'લોક-અપ' માં જવાની તૈયારી રાખજો! 'લોક-અપ' એ શબ્દમાં સત્તાનો રણકાર છે અને તે કાનૂની પ્રક્રિયાના ભાગ રૂપે પોલિસ દ્વારા કરવામાં આવતી કાર્યવાહી છે, જેનો અમલ ચોક્કસ વ્યકતિ કે વ્યકતિઓ માટે હોય છે. જયારે 'લોક-ડાઉન' એ પ્રશાસન દ્વારા જનતા માટે કરાયેલ વ્યવસ્થા, અનુશાસન કે આદેશ છે. અને તે નિર્ધારિત કરાયેલ ભૌગોલિક ક્ષેત્ર કે જન સમુદાયને લાગુ પડે છે. સમયે સમયે પ્રશાસન આ 'લોક-ડાઉન' અંતર્ગત 'કર્ફ્યુ' કે કલમ ૧૪૪ લાગુ પડી શકે છે. કોવીડ ૧૯ સામે લડવા માટે હાલમાં આનાથી વધારે અસરકારક કોઈ ઈલાજ કે રસ્તો નથી.

લગભગ પાંચેક વર્ષ પહેલાં પ્રકાશ સમીક્ષામાં મારો એક લેખ આવેલ, જેમાં મેં સામાન્ય સંજોગોમાં મનુષ્યોની સમાજ પ્રત્યેની વર્તણુક અને વલણ પર આધારિત મહાજન, સજ્જન, જન અને દુર્જન એમ ચાર પ્રકારના મનુષ્યોનું વર્ગીકરણ કરેલ. હાલના કોવીડ ૧૯ના મહામારીના સમયમાં પણ ચાર પ્રકારના મનુષ્યો જોવા મળે છે અને તે તેમની હાલની મહામારીના કટોકટીના સમયમાં તેમની

સમાજ પ્રત્યેની વર્તણુક અને વલણ પર આધારિત છે. સૌ પ્રથમ મહાજન શ્રેણીમાં ડોક્ટરો, નર્સો, પેરા-મેડિકો સ્ટાફ, પેથોલોજીસ્ટ અને સ્વાસ્થ્ય સેવાની આખી સાંકળ સાથે જોડાયેલા તમામ કર્મચારીઓ આવે છે જેઓ પોતાના જીવના જોખમે, ઘડિયાળ સામે જોયા વગર દિવસ રાત કાર્યરત છે. ત્યાર પછી સજ્જન શ્રેણીમાં પોલીસ કર્મચારીઓ, દાનવીર ધનકુબેરો અને શ્રેષ્ઠિઓ, સામાજિક સેવાભાવી સંસ્થાઓ અને વ્યક્તિઓ અને પ્રશાસનના અધિકારીઓ અને સ્ટાફ જેઓ લોક ડાઉનના અસરકારક અમલ માટે કાર્યરત છે. ત્યાર પછી જન શ્રેણીમાં નાના મોટા દુકાનદારો, દૂધની ડેરીઓ, શાકભાજીના પુરવઠો પુરા પાડનાર વર્ગ જે લોક ડાઉનના કપરા અને લાંબા સમય ગાળામાં પ્રજાજનોને જીવન જરૂરિયાતની તમામ સામગ્રી મળી રહે તેના માટે પ્રયત્નશીલ છે અને એ શિસ્તબદ્ધ અને સમજદાર નાગરિકો જેઓ નાની મોટી તકલીફ સહન કરીને પણ લોક ડાઉનના નિયમોનું પાલન કરે છે. અને દુર્જન શ્રેણીમાં એવા લોકો આવે છે જેઓ જાણીબુજીને પોતાની વિદેશ ગમનની વિગતો છુપાવે છે, કે અન્ય કોવીડ૧૯થી સંક્રમિત વ્યકતિ સાથેના સંપર્કની વિગત છુપાવે છે અને સૌથી ધૃણાસ્પદ એવા લોકો જેઓ જાણીબુજીને પોતાના થૂંક, લીંટ અને છીંક દ્વારા કેમ આ રોગ વધારે પ્રમાણમાં ફેલાય તેવા પ્રયાસો કરે છે તેવા પરપીડન વૃત્તિ ધરાવતા શેતાન કક્ષાના લોકો, પોલીસની કામગીરી અને સ્વસ્થ્ય સેવા કરનારા કર્મવીરો પર પથ્થરમારો કરનારા નીચ કે અધમ કક્ષાના લોકો.

ઇતિહાસ એ હકીકતનો સાક્ષી છે કે સામ્રાજયવાદ મોટા ભાગની લડાઈઓ કે યુદ્ધોનું કારણ છે. પણ અગાઉ લડાઈઓ કે યુદ્ધો જાહેર કરીને લડાતા હતા અને તેમાં થોડી નૈતિકતા પણ રહેતી. પણ હવે એવું નથી અને ગમે તે સમયે ગમે તે પ્રકારનું જાહેર કે ગુપ્ત આક્રમણ કોઈ પણ દેશ દ્વારા કોઈ પણ દેશ પર થઇ શકે છે. રાજકારણમાં ક્યારે પણ કાયમ મિત્ર કે કાયમ શત્રુ નથી હોતા તેથી પ્રજા અને રાજા એટલે કે શાષકોએ બહુજ સચેત, સાવચેત અને જાગૃત રહેવું પડે છે. ઇન્ટેલિજન્સ વિભાગની કામગીરી હવે યુદ્ધમાં ભાગ લેતા સૈનિકો કરતાં વધારે મહત્વની થઇ ગઈ છે. જેમ આતંકવાદ એ કટ્ટર ધાર્મિક ઝનૂનનું પરિણામ છે અને તેમાં માનવીય અભિગમ, સારપ કે સંવેદનાને કોઈ સ્થાન નથી હોતું તેમ સામ્રાજ્યવાદ પણ અત્યંત લાલચ, લાલસા, અહંકાર અને અમર્યાદિત મહત્વાકાંક્ષા નું પરિણામ છે અને તેથી તે પોતાનું ધ્યેય પ્રાપ્ત કરવા ગમે તેવા નિમ્ન સ્તર પર જઈ શકે છે; અને આંતકવાદ અને સામ્રાજ્યવાદ વચ્ચેની પાતળી ભેદરેખા પણ ઓળંગી જાય છે અને તેવા તાનાશાહો કે શાષકો અમાનવીય, અમાનુષી કે જઘન્ય કૃત્યો કરતાં જરા પણ અચકાતા નથી. તેથી રાસાયણિક બોમ્બ, અણું કે પરમાણુ બોમ્બ, હાઇડ્રોજન બોમ્બ અને જૈવિક બોમ્બ કે હથિયારોનો ઉપયોગ કરતાં જરા પણ અચકાતા નથી.

હવે પછીના પૂર્ણ સ્તરના યુદ્ધો માત્ર સરહદો પર નહીં પણ દેશના અત્યંત સંવેદનશીલ કે મહત્વના વિસ્તારમાં લડાશે. સરહદ પર તો માત્ર છમકલાં થયા કરશે. હવે પૂર્ણ સ્તરના યુદ્ધોમાં મનુષ્યોની ભૂમિકા ઓછી હશે અને સ્વયં સંચાલિત કે રિમોટ કંટ્રોલ્ડ હથિયારો કે યંત્રમાનવની ભૂમિકા વધારે રહેશે. હવે યુદ્ધો માત્ર સશસ્ત્ર નહીં રહેતાં આર્થિક અને 'સાઇબર' એટલે કે મોટા ભાગના દેશોના આર્થિક વહેવારો , સંદેશ વ્યવહારો અને સામાન્ય વહીવટ જેના થકી થઇ રહ્યો છે તે કોમ્પ્યુટર નેટવર્ક પર હુમલો પણ થઇ શકે છે. હવેના યુદ્ધોની મુખ્ય રણનીતિ કે ઉદ્દેશ એ હશે કે માત્ર સામુહિક માનવ હત્યા કરવી અને માલ મિલ્કતને કોઈ નુકશાન ના કરવું જેથી તેના પર કબ્જો કરી શકાય. હાલનું કોવીડ ૧૯નું સંકટ કે મહામારી મનુષ્યના શ્વાસ:તંત્રને અસર કરે છે અને તે વિષાણુઓનો 'ઇન્કયુબેશન પીરીઅડ' એકથી ચૌદ દિવસ હોવાથી સારવાર કરવા માટે થોડો સમય મળી રહે છે; પણ ભવિષ્યમાં એવા ઘાતક જૈવિક હથિયારો આવી શકે છે કે, જેમાં તાત્કાલિક મૃત્યુ આવી શકે, અને તે શરીરના કોઈ પણ તંત્ર પર અસર કરે તેવા કાતિલ હોઈ શકે છે. તેથી હવે પછીના યુદ્ધોમાં ટેક્નોક્રેટ્સ અને મેડિકોઝની મહત્વની ભૂમિકા રહેશે. હવે એવા સંકુલો બનાવવા પડશે જે બહુ હતુક હોય અને તદ્દન અલ્પ સમયમાં હોસ્પિટલમાં તબદીલ થઇ શકે અને તેની ક્ષમતા પણ ખુબ જ વિશાલ હોય. સમૂહ અગ્નિસંસ્કાર કે દફન કરી શકાય તેવી વ્યવસ્થા પણ કરવી પડે.

હાલની કોવીડ૧૯ની મહામારીએ એક વાત સાબિત કરી છે કે જે દેશની પ્રજા આપણે જેને 'જંક ફૂડ' કહીયે છીએ તેવા પિત્ઝા, બર્ગર, મંચુરિયન કે પાસ્તા વગેરે ખાય છે તેની સરખામણીએ જે પ્રજા સાદો અને પૌષ્ટિક ખોરાક ખાય છે તેની રોગ પ્રતિકારક શક્તિ વધારે છે. તે ઉપરાંત શહેરી વિસ્તાર કરતાં ગ્રામ્ય વિસ્તારમાં આ કોવીડ૧૯ વાઇરસની અસર ઓછી દેખાય છે એટલેકે રોગના પ્રતિકાર માટે મનુષ્યની રોગ પ્રતિકારક શક્તિ એટલેકે 'ઈમ્યૂનિટી' વધારવી બહુજ જરૂરી છે. માત્ર ઉચ્ચ કે વૈભવશાળી જીવન શૈલી એ રોગના પ્રતિકારક માટે પૂરતી નથી. તે ઉપરાંત વધારે પડતી આરામદાયી જીવન શૈલી પણ યોગ્ય નથી. હવે પ્રજાએ મજબૂત અને ખડતલ બનવું જરૂરી છે જેથી મુશ્કેલીઓમાં પણ વાંધો ના આવે છે.

**– પ્રવિણચંદ્ર શામજી ધરમશી (શાહ)**
**કોઠારા -સુરત, મોબાઈલ: 9978903247**

# 'સગપણ' સમસ્યા કે અભિશ્રાપ?




ભૂતકાળમાં ડોકીયું કરશું ત્યારે આ સમસ્યા કેમ ન હતી અને અત્યારે જ્ઞાતિની મુખ્ય સમસ્યા સ્તરે આવી ગઈ છે! ક્યાંક સમાજની સમજણમાં ભૂલ થાય છે, ક્યાંક ગેરસમજ થાય છે, ચાલો, સાથે મળી ઉકેલ શોધીએ કે વિચારીએ.

પહેલા સગપણ માટે કુટુંબીજનોનો સાથ સહકાર રહેતો હતો. ક્યાંક કુટુંબમાંથી કે સાસરીયા પક્ષમાંથી છોકરા, છોકરી મળી જતાં અને વગર વાંધે સંબંધ બંધાઈ જતાં અને ટકતા તથા તેમાંથી વધારે સંબંધો બનતા જતા હતા પણ અત્યારે ક્યાં ફરક પડ્યો?

માનસિકતા બદલાઈ ગઈ લાગે છે. જ્ઞાતિની વસ્તી મહદ અંશે મુંબઈમાં વધારે હોવાથી દિકરા કે દિકરીને મુંબઈથી બહાર જવું નથી. કેમ? મુંબઈમાં જ પૈસા છે? મુંબઈમાં જ આગળ ભણતર થઈ શકે છે? મુંબઈમાંજ જીંદગી છે? સિનેમા નાટકને ટહેલવાના સ્થળ મુંબઈમાં જ છે? ... એવું નથી. સરાસર જ નહિ જ! આ માનસિકતા ક્યાંથી આવી? એમાં ઘણી જ જવાબદારી જ્ઞાતિ વડિલોની છે, જેમણે સમયસર દિકરા કે દિકરી ને સમજણ ન આપી. બધાને પોતાની દિકરી કે દિકરો વ્હાલસોયા હોય એમાં ના નથી પણ, જીંદગી બહાર પણ છે. ભણતર, ધંધા કે નોકરી ઈતર શહેરોમાં પણ છે. ૯૦% બહારગામના કુટુંબો ઘણી સારી રીતે રહેતા હોય છે. બહારગામમાં કમાઈ નથી એવું ના સમજો અને ઘર મુંબઈ કરતાં ઘણા મોટા મેં જોયા છે અને માણ્યા છે. તો પછી ક્યાં વાંધો છે? ગામે ગામ નારીઓની સંસ્થાઓ ઘણી પ્રવૃત્તિમય થઈ બહેનોના હાથે જ ચાલે છે. તમારામાં હુન્નર હશે તો કોઈપણ ગામમાં દિપાવી શકશો જ!

હાલમાં આપણી જ્ઞાતિજનો જે મુંબઈ બહાર વસે છે તે ગામોનું 'લીસ્ટ' જોશું તો ખબર પડશે ક્યાં પણ મુંબઈ કરતાં ઓછા નથી જેમ કે બેંગ્લોર, મૈસુર, હુબલી, ગદગ, કોઈમ્તૂર, નાશીક, પૂના, વડોદરા, અમદાવાદ, નાગપુર એવા હજુ દસેક ગામ નીકળશે જ્યાં જીદગી ઘણી સારી રીતે ચાલી રહી છે, છોકરા-છોકરી ભણેલ ગણેલ મળશે, ધંધામાં પણ મુંબઈ કરતા વધુ કમાતા હશે! પછી મુંબઈનું વળગણ શા માટે છે? કેટલા છોકરા કે છોકરી જોઈ શકીએ છે કે મુંબઈના ચક્કરમાં ૩૫થી ૪૦ ઉમરે પણ લગ્ન નથી કરી શક્યા.

હું દિકરા કે દિકરીઓને સમજાવા માટે તૈયાર છું. પાત્ર મળી રહેશે. મુંબઈનો મોહ છોડો હા! પાત્ર મળી ગયું બંધબેસતું તો તમારા નશીબ પણ દુખી સુખી મુંબઈમાંજ રહેવું એવું અભિગમ છોડો. બહારગામમાં પણ જીંદગી સારી રીતે ચાલે છે, બાકી નશીબ!

જ્ઞાતિ વડિલો જરાક વિચારજો આપણી લાડલી માટે! દૂરના પરાંમાં રહેવા અને ગાડીઓની પળોજણ કરતાં કરતાં અડધી જીંદગી આમ જ નીકળી જાય છે, છાસવારે કંઈક ને કંઈ થતું રહે છે, સરઘસ, અતિવરસાદ, હુલ્લડ, બંધ, ક્યાંકથી બચશો? ફરી વિચાર કરજો.

અમે તમને જરૂરથી મદદરૂપ થયું.

**- શરદ કાંતિલાલ શાહ (નાગડા) નલિયા-પૂના,**
**9371004760**

# ગાંધીધામમાં બીલ્ડર દ્વારા આપણા જ્ઞાતિજનો સાથે છેતરપિંડી




વર્ષ ૨૦૧૦-૧૧માં પ્રદીપ આનંદજી ખોનાએ 'સમતા ધ સિટી' નામનું પ્રોજેક્ટ જાહેર કર્યું. જે પ્રમાણે મુન્દ્રા તાલુકાના વાંકી ગામમાં તેઓ Fully Developed Plot આપવાના હતા. આંખુ પ્રોજેક્ટ માર્ચ ૨૦૧૬માં તૈયાર થઈ જશે તેવું આશ્વાસન તેનો આપ્યું અને ૨૬-૧૧-૨૦૧૧ રોજે તેણે મારી જોડે એગ્રીમેન્ટ કરેલ. એગ્રીમેન્ટ અને બ્રોચર પ્રમાણે તેણે વાયદો કરેલ કે "Samta The City" with all modern amenities complete with boundary wall, Approach Road, Internal Roads, etc. તેણે કીધેલ કે વાંકી

ખાતે સર્વે નં.૧૬, ૧૭ અને ૧૯નો તેઓ માલિક છે અને ત્યાં તે નગરીનું નિર્માણ કરશે.

ત્યારબાદ તેણે જણાવેલ કે ડેવલપમેન્ટનું કાર્ય પૂર્ણ ગતિમાં ચાલુ છે અને વધારે રૂપિયાની માંગણી કરી. તા.૫-૧૨-૨૦૧૩ રોજે મેં તેને રૂા.૧,૨૪,૧૬૦/- ચેક મારફત આપ્યા ત્યારબાદ મને સ્કીમમાં રૂચિ ન હતી એટલે મેં મારા રૂપિયા પરત માગ્યા પરંતુ તેણે વિશ્વાસ આપ્યો કે કાર્ય પ્રગતિ પર ચાલી રહ્યું છે.

પોતાની ગાડીમાં તેને મને વાંકી ગામમાં પ્લોટ બતાડવા માટે નિવેદન કર્યું અને ત્યારબાદ અમે વાંકી ગામે પ્લોટની મુલાકાત લેવા ગયા. એક જગ્યા બતાડી, તેને કીધેલ કે આ જગ્યા સર્વે નં.૧૬, ૧૭, ૧૯ છે.

પરંતુ ત્યાં કશું જ બાંધકામ થયેલ ન હતું એટલે મેં તેના પાસે જવા બની માંગણી કરી. તેણે વિશ્વાસ આપ્યું કે એગ્રીમેન્ટ પ્રમાણે તેના પાસે સમય છે. માર્ચ ૨૦૧૬ સુધી, પરંતુ બધા જ પ્લોટ વેચાઈ ગયા છે એટલે માર્ચ ૨૦૧૫ સુધી તે ડેવલપમેન્ટનું કાર્ય સંપન્ન કરશે. ફાઈનલ પેમેન્ટ માટે તેણે નિવેદન કર્યું. ત્યારબાદ તેને પત્ર નં.SIPL/Reg./293/14-15 dated 26/06/2014 પ્રમાણે જણાવેલ કે ૩૮ મહિનામાં કાર્ય ચાલું થઈ ગયેલ છે અને હવે ૬ મહિનામાં કાર્ય સંપન્ન થઈ જશે અને તેણે બાકીના રકમ માંગી. તે પત્રમાં લખેલ હતું "boundary wall, the main gate, internal roads, etc. would be completed within six months."

૨ પ્લોટના રૂા.૨,૬૪,૧૬૦/- પડાવી લીધા બાદ અમને જાણકારી મળી કે તેણે છેતરપિંડી કરેલ છે. ત્યારબાદ હું વાંકી ગામે સ્થળ પર ગયેલ અને ગામમાં પૂછી-પૂછીને સર્વે નં.૧૯ પર ગયો, ત્યારે મને દેખાયું કે પ્લોટ તો રહેણાક લાયક ન હતું. તેના ઉપરથી વીજળીના "High Tension Wire" પાસર થઈ રહ્યા છે. વર્ષ ૨૦૧૩ માં તેણે મને જે પ્લોટ પર લઈ ગયો હતો તે આ ન હતું અને આ આખા સર્વે નં.૧૬, ૧૭, ૧૯ પર કોઈ જાતનું બાંધકામ કરેલ ન હતું. દીવાલો ન હતી. અંદરના રસ્તા પણ ન હતા. ત્યારે મને સમજેલ કે આ વ્યક્તિએ છેતરપિંડી કરેલ છે.

ખોનાએ 'ઈનામી ડ્રો બંપર ઈનામ' (Lucky Draw for Gifts and Bumper prizes) જેવી સ્કીમ રાખેલ છે અને સ્ક્રેચ કાર્ડ (Scratch Card) સ્કીમ પણ રાખવામાં આવેલ છે. Consumer Act ના Section 2 (r) (a) અને (b) પ્રમાણે "Unfair Trade Practice" પ્રમાણે Section 14 (f) કરવામાં આવેલ છે. આખી સ્કીમ Null and Void ઘોષિત કરવામાં આવે અને બધા જ ૧૫૦૦ મેમ્બરના નાણાં પરત કરવા આદેશ માટે મેં Consumer Court માં અરજી કરી.

વર્ષ ૨૦૧૮ માં ખોનાની છેતરામણો વધતી જાય છે. તેઓ એ હજુ નવી સ્કીમ બહાર પાડી છે. જેમાં assured return આપવામાં આવશે અને તેવી સ્કીમ ગેરકાયદે છે U/s. 11 (1), 11B and 11(4) of the Securities and Exchange Board of India Act, 1992 read with Regulation 65 of the SEBI (Collective Investment Schemes) Regulations, 1999. તેથી જણાવવું પળે છે કે સામાવાળો રીઢો ગુનેગાર છે.

અમો લીધેલ પ્લોટ 'સમતા ધ સીટી', વાંકી સ્કીમમાં ખોનાએ ૧૫૦૦ વ્યક્તિ પાસે નામ આ વસૂલ કર્યા પરંતુ તે સ્કીમ SEBI માં રજિસ્ટર નથી કરાવી અને પોઈન્ટ ૧૦ પારની સ્કીમ પણ SEBIપાસે નોંધાવેલ નથી. આ પ્રમાણે તેઓ ગુનેગાર છે. Under Sections 11AA of the Securities and Exchange Board of India Act, 1992; r/w. Regulation 65 of the SEBI (Collective Investment Schemes) Regulations, 1999.

**- Priyesh Bheda, Varadhar-Wadala**
**(IRS & deputy commissioner of GST, Mumbai)**
**preeyeshg@gmail.com • Mob.: 9737241001**

**નોંધ : પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત લેખ-કાવ્ય-ચર્ચા પત્રોમાં વ્યક્ત થયેલા વિચારો જે તે લેખકના છે. તેની સાથે પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ સહમત છે તેમ માનવું નહીં.**

# આપ દિવો ભવ

જનતા કરફ્યુ અને લોકડાઉનની સ્થિતિએ લોકોને ઘરને સમજતા કરી દીધા છે. સંયુક્ત કુટુંબના લાભોને ગણાવતા કરી દીધા છે. પાડોશીનું મહત્વ સમજતા કરી દીધા છે. પહેલા લોકો યંત્રવત જીવન જીવતા હતા. કોઈને પોતાની ઘરની આસપાસ રહેતા લોકોની પરવા પણ નહોતી કે સમજવાનો સમય પણ નહોતો.

જીવલેણ કોરોના વાઈરસે ગરીબ-શ્રીમંત સત્તાધારી-વિપક્ષો, ઝૂંપડામાં રહેનારા અને ફાઈવસ્ટાર સગવડો સાથે જીવનારા દરેકને સંકેત આપી દીધા છે કે પૃથ્વી પર મનુષ્ય એક સામાન્ય જીવ છે અને મગના દાણાથી પણ નાનો વાઈરસ તેને મોતને ઘાટ ઉતારી શોકે છે.

એટલે જ વર્તમાન સ્થિતિને કારણે ઉભી થયેલી વર્તમાન સ્થિતિમાં ડરના માહોલને ભગાડવા આરિખાણાના પ્રવીણ લોડાયાનું 'જન્મભૂમિ'માં આવેલુ સ્ટેટમેન્ટ વાંચો. મનમાંથી ડર કાઢી નાખો. તેઓ ૧૫ જણા સંયુક્ત કુટુંબમાં રહે છે. તેમાંથી ૮ જણાને કોરોના પોઝીટીવ આવ્યું.

તેઓ કહે છે કે જ્યાં સુધી આપણી ચારેકોર કોરોના છે. ત્યાં સુધી માસ્ક, સામાજિક દૂરી (૫ થી ૬ ફૂટનું અંતર) અને સેનેટાઈઝેશન જેવા ઉપાયો અને સરકારના આદેશોનું પાલન કરતા રહો, આપણે કોરોના સામેનો જંગ જરૂર જીતીશું.

કોરોના વાઈરસથી મૃત્યુના પણ સમિકરણો બદલાઈ ગયા છે. આ સમયમાં મૃત્યુ થાય એટલે નથી તો સારી રીતે સ્મશાન યાત્રા કાઢી શકાતી કે નથી ત્યાર પછીની કોઈ વિધિ શાંતિથી થઈ શકતી. અંગત સગાઓ પણ આવી શકતા નથી કે નથી પ્રાર્થના યોજી શકાતી.

કોરોના કાળ લાંબો ચાલશે અને સોશીયલ ડિસ્ટન્સ ફરજીયાત રહેશે તો રામ બોલો ભાઈ રામ ફેઈમ સ્મશાન યાત્રા ભાગ્યેજ જોવા મળશે. એમ લાગે છે કે મૃત્યુ મરી ગયું રે લોલ...!

તમને આશ્ચર્ય નથી થતું કે ઘરને દરવાજા છે ખરાં, પણ અંદર સે કોઈ બહાર ના જા શકે, બહાર સે કોઈ અંદર ન આ શકે, એટલે કે દરવાજા અને દીવાલ બન્ને સરખા થઈ ગયા.

આવી પરિસ્થિતિમાં તો જંગલી માણસ કે આદિમાનવ પણ ક્યારે મૂકાયો ન હતો. ગુફાવાસી મનુષ્ય પણ જંગલમાં શિકાર કરવા માટે કે ફરવા માટે જવા મુક્ત હતો.

હાથકડી વિનાના બંધનો આજના મનુષ્યનું નસીબ છે. તો પણ એ સમજશે નહીં કે આમ કેમ થાય છે? કોરોનાને કારણે આત્મનિરીક્ષણ અધ્યાય શરૂ થાય એ પણ સંભવ નથી. સહુથી ગંભીર બાબત એ છે કે કાળ બદલાઈ રહ્યો છે. પણ માનવ જાતિમાં ગંભીરતા આવી નથી.

કોરોનાએ આપણને સમજાવી દીધું છે કે આપણું કલ્યાણ નથી, પરંતુ સર્વના કલ્યાણમાં જ આપણું કલ્યાણ છે. આપણે પ્રભુ સમક્ષ દરરોજ આરતીમાં ગાઈએ છે. અમ ઘર માંગલિક, તુમ ઘર માંગલિક, પરંતુ સાચું કહેજો બીજાની ચડતી જોઈને આપણે રાજી થઈએ છીએ ખરા? ભગવાન મહાવીરના ઉપદેશોનો આપણે અમલ કર્યો હોત તો આજે આપણને કોરોના સાથે લડવું ના પડત.

ભગવાન બુદ્ધ પણ કહે છે કે બહુજન હિતાય, બહુજન સુખાય પ્રવૃત રહો. અંતે પોતે જ પોતાના ગુરૂ થાવ. આત્મનિરીક્ષણ કરો 'આપ દિવો ભવ' તું જ તારો ગુરૂ થા.

**- પ્રવીણ લોડાયા (વડોદરા)**

# 'તેરા તીર્થે ચાતુર્માસ એવમ ચાતુર્માસ મંગલ પ્રવેશનાં વધામણા..'



ઐતિહાસિક-ધાર્મિક અને પ્રાકૃતિક એવા તેરા તીર્થ મધ્યે શામળીયા પાર્શ્વનાથ પ્રભુ જિનાલયનાં શતાબ્દીનાં પગરણ મંડાઈ રહ્યા છે.

શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ પ્રભુના જિનાલયને પણ ૧૬૨મું વર્ષ ચાલુ છે.

ચાલુ સાલે સંવત ૨૦૭૬નાં તેરા તીર્થ ચાતુર્માસ અર્થે તપ-જપ સાથે ધર્મ આરાધના કરાવવા માટે વર્ષીતપનાં આરાધક તપચક્ર ચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. નાં આદેશ આજ્ઞા અનુસાર આપણા સંઘનાં પરમ ઉપકારી પ.પૂ.સા.શ્રી નરેન્દ્રશ્રીજી મ.સા. તથા પ.પૂ. સા.શ્રી વિધુતપ્રભાશ્રીજી મ.સા., પ.પૂ.સા.શ્રી વિશ્વપ્રભાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સા.શ્રી. કોમલગિરાશ્રીજી મ.સા. ઠાણા-બે નું ચાતુર્માસ તેરા તીર્થને મળતા શ્રી સંઘમાં ખૂબ જ આનંદ છવાયો છે.

તે મુજબ તેઓશ્રીનું તેરાતીર્થ ચાતુર્માસ મંગલપ્રવેશ-અષાઢ સુદ-૪ બુધવાર તા. ૨૪-૬-૨૦૨૦નાં સવારનાં થશે. સર્વને પધારવા આમંત્રણ છે.

# ''જૈન ધર્મ મારી દ્રષ્ટિએ...'' મણકો-૧૦

લેખક : સોમ ધરમશીં, મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

(ગતાંકથી ચાલુ..)

જે આદિમાનવે વહેલી સવારે ઉઠીને નદી કિનારે જઈને પૂર્વ તરફ મુખ રાખી સૂર્યને ઉગતો જોયો તેણે તેના કબીલાનાં બીજા માનવોને આ વાત કહી ત્યારે બધા ને આ આદિમાનવની વાત સાચી લાગી અને બધા જ બીજા દિવસે તે આદિમાનવની પાછળ-પાછળ ગયા અને ઉગતા સૂર્યને નિરખી, આકાશમાં ઉષાના બદલાતા રંગોને જોઈ આશ્ચર્યચકિત પામી ગયા અને તેમને તેમનામાં એક નવી જ શક્તિનો સંચાર થતો ભાળ્યો.

આદિમાનવ, આજનાં આધુનિક માનવી જેટલો જ જિજ્ઞાસુ હતો. કહેવાય છે ને **''જરૂરીયાત એ શોધની માતા છે.''** તેમ આદિમાનવ પોતાની જરૂરીયાત માટે તેમજ કબીલાના સરદારો પોતાના કબીલાની જરૂરીયાત માટે શોધખોળ કરતાં રહ્યાં અને અનુભવના આધારે કુદરતમાં જ રહેલી કેટલીક સંપદાને તે પુજવા લાગ્યા.

આદિમાનવને પશુ-પક્ષી અને બીજા જીવજંતુઓમાં સૌથી વધારે ડર સાપ એટલે કે સર્પનો લાગતો હતો. કારણ કે તે ડંખ મારીને ચપળતાથી, ત્વરાથી અદૃશ્ય થઈ જતો હતો. સર્પના ડંખનો તેની પાસે કોઈ ઈલાજ ન હતો. અને સર્પ-ડંખ જેને લાગ્યો હોય તે મનુષ્ય (જોતજોતામાં) મૃત્યુ પામતો તેણે જોયો હતો. સર્પના ડરે પણ મનુષ્યને સર્પની 'પૂજા' કરીએ તો તેનાથી બચી શકાય તેવી પ્રેરણા આપી હતી. આ જ રીતે આદિમાનવે હાથી, વાઘ, સિંહ, ગાય અને મોરને પણ પોતાની આસ્થાના પ્રતીક તરીકે સ્વીકાર્યા હતા. હાથી, વાઘ અને સિંહનો તેને ડર લાગતો હતો જ્યારે ગાય તેને ખૂબ ઉપયોગી પ્રાણી લાગ્યું હતું અને મોર તેને આનંદ આપવાનું કામ કરતો હતો.

આ ઉપરાંત જન્મ-રોગ-જરા અને મૃત્યુ એમ ચારેય વાત આદિમાનવ જ નહીં, પરંતુ આજના મનુષ્યને પણ અકળ લાગે છે. પોતે ક્યાંથી આવ્યો છે - ક્યાં જવાનો છે- મને જ કેમ રોગ થયો અને બીજાને કેમ નહીં - મૃત્યુ પછી શું ? ચિર યૌવન કેમ નહીં ? ઘડપણ કેમ ? આવા અનેક સવાલો આદિમાનવને થયા અને તેના જવાબો તેણે શોધવા માંડ્યા : ''આ સવાલોના જવાબો શોધવામાં જે જે મનુષ્યોએ પ્રયત્ન કરી, સમજાય તેવા જવાબો ખોળી કાઢ્યા તે તે મનુષ્યોએ વિવિધ ધર્મ સ્વરૂપોને આકાર આપ્યો.''

મનુષ્યોએ આચરવાનો ધર્મ - મનુષ્યોએ કરવાનાં કર્તવ્ય - બીજાઓ કરતાં વધુ જ્ઞાની માનવોએ બતાવ્યા અને જે જે મનુષ્યોને જે જે જ્ઞાની માનવોની વાત સાચી લાગી તે તે તેમને અનુસર્યા અને તે રીતે તે તે ધર્મનું સ્વરૂપ બંધાયું.

આદિમાવન જ નહીં પણ આજના માનવને પણ જે પ્રશ્નોના ઉત્તર શોધવામાં મુશ્કેલીઓ પડી તેઓ એવા માનવ પાસે પહોંચ્યા જેમણે તેઓએ સંતોષ થાય તેવા જવાબોથી તેઓના મનનું સમાધાન કર્યું.

**''દરેક ધર્મ પોતપોતાની જગ્યાએ સંપૂર્ણપણે યોગ્ય અને સાચો છે. તેના સ્થાપકોએ ક્યારેય ઈચ્છ્યું ન હતું કે ધર્મના નામે ઝઘડા થાય. તે દરેક મહામાનવની તો મહેચ્છા હતી કે જે તે ધર્મનું સાચું સ્વરૂપ સમજી મનુષ્ય સુખ, શાંતિ અને સમૃદ્ધિને પામે.''**

ખૂબ મનન પછી આપણે એ નિષ્કર્ષ ઉપર આવી શકીએ કે જેને આપણે ''ધર્મ'' તરીકે ઓળખીએ છીએ તેની એ શરૂઆત હતી.

''કશું લીધા વગર, કશાની પણ અપેક્ષા રાખ્યા વગર જ્યારે કોઈ આપણને શાંતિ, સુખ અને શક્તિ આપે તો તેના પ્રત્યે અહોભાવ વ્યક્ત કરવો તે શું ઉત્તમ ''ધર્મ'' નથી ?

અહિં આપણાં ભક્ત કવિ શ્રી નરસિંહ મહેતાનાં ભજનની પંક્તિઓ યાદ આવે-

**અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ, જૂજવે રૂપે અનંત ભાસે;**
**દેહમાં દેવ તું તેજમાં તત્ત્વ તું, શૂન્યમાં શબ્દ થઈ વેદ વાસે-**
**અખિલ...**

**પવન તું, પાણી તું, ભૂમિ તું, ભૂધરા ! વૃક્ષ થઈ ફૂલી રહ્યો આકાશે;**
**વિવિધ રચના કરી અનેક રસ ચાખવા, શિવ થકી જીવ થયો એજ આશે-**
**અખિલ...**

**વેદ તો એમ વદે, શ્રુતિસ્મૃતિ શાખ દે, કનક-કુંડળ વિશે ભેદ ન હોયે;**
**ઘાટ ઘડિયા પછી નામરૂપ જૂજવાં, અંતે તો હેમનું હેમ હોયે-**
**અખિલ...**

**ગ્રંથ ગરબડ કરી, વાત ન ખરી કહી, જેહને જે ગમે તેને પૂજે;**
**મન-વચન-કર્મથી આપ માની લહે, સત્ય છે એ જ મને એમ સૂઝે-**
**અખિલ...**

**વૃક્ષમાં બીજ તું, બીજમાં વૃક્ષ તું, જોઉં પટંતરો એ જ પાસે;**
**ભણે નરસૈયો એ મન તણી શોધના, પ્રીત કરું પ્રેમથી પ્રકટ થાશે-**
**અખિલ...**

(આ કાવ્યનો રસાસ્વાદ આવતા અંકમાં કરીશું.)

Reg. No. E-641-(DWR) dt. 24-3-90
☎ : (08372) 236308

# શ્રીમતી મણીબાઈ કાંતીલાલ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ, ગદગ

## સંચાલિત - ‘‘જીવન-સંધ્યા’’

તા.૧-૯-૨૦૧૮ થી ૩૧-૩-૨૦૨૦

09945299989 - Sha Chandrakant L. Lodaya
09341319295 - Sha Harish S. Munvar
09940666465 - Sha Tilakchand Lodaya
09341488128 - Sha Mahendra Vikamshi
09448120993 - Sha Kantilal P. Mota
09448186222 - Sha Dineshchand Kuverji
09448165256 - Sha Veerendra Padamshi
09611133124 - Sha Chandrakant Patel
09342730997 - Sha Hirachand Dand
09820022638 - Sha Hemang Dharamshi

### નિભાવ ફંડ

- ૧૦૦૦૦૦/- શ્રી કરણ દીલીપ શાહ (લોડાયા) (કોઠારા) બેંગલોર
- શ્રીમતી મીનાબેન પ્રવીણ ડાઘા (વરાડીયા)ચેન્નઈ ના સ્મરણાર્થે
  - ૨૦૦૦૦/- શ્રી અતુલ પ્રવીણ ડાઘા (વરાડીયા) ચેન્નઈ તરફથી
  - ૧૫૦૦૦/- શ્રી પ્રવીણ દામજી ડાઘા (વરાડીયા) ચેન્નઈ તરફથી
  - ૧૫૦૦૦/- કુ. શ્રૃતી અતુલ ડાઘા (વરાડીયા) ચેન્નઈ તરફથી
  - ૧૫૦૦૦/- કુ. તૃપ્તી અતુલ ડાઘા (વરાડીયા) ચેન્નઈ તરફથી
- ૫૦૦૦૦/- શ્રી ચંદ્રકાંત માણેકલાલ મોદી - ચીકાગો- અમેરીકા શ્રી માણેકલાલ ગીરધરલાલ મોદી ગદગ ના સ્મરણાર્થે
- ૫૦૦૦૦/- શ્રી મણીલાલ માણેકજી મૈશેરી (જખૌ) ઘાટકોપર, હસ્તે શ્રી હરીશ લક્ષ્મીચંદ મૈશેરી (જખૌ) મુલુન્ડ
- ૪૩૨૦૦/- શ્રી હરીશ ચાંપશી પાલાણી તથા શ્રી કીરણ ચાંપશી પાલાણી (કોઠારા) ચુનાભટ્ટી (ત્રણ જણાનાં નિભાવ ખર્ચના)
- ૧૪૪૦૦/- શ્રીમતી વીજયાબેન દામજી જાદવજી છેડા (પત્રી) હુબલી (૨૦૧૯)
- ૧૪૪૦૦/- શ્રીમતી પુષ્પાબેન તથા શ્રી ગોવિંદજી પુનશી મોમાયાના સ્મરણાર્થે શ્રી મયંક ગોવિંદજી મોમાયા (નલીયા) પાલીહીલ
- ૧૪૪૦૦/- શ્રીમતી વીજયાબેન દામજી જાદવજી છેડા (પત્રી) હુબલી (૨૦૨૦)
- ૧૪૪૦૦/- શ્રીહીરાચંદ માણેકજી નાગડા (જખૌ) જયશ્રી ટ્રાન્સપોટ કું, સાંગલી
- ૧૪૪૦૦/- શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન, મુંબઈ
- ૧૦૦૦૦/- શ્રી સાઈકુમાર, હિતેન ફાસ્ટનર્સ, ગદગ
- ૫૦૦૬/- શ્રી નંદકુમાર, બેંગલોર
- ૫૦૦૦/- શ્રી ઠાકરશી મુલજી લાલકા (સી.એ) નલીયા - પરભણી
- ૨૦૦૦/- શ્રી સુધીર પાન્ડે, બેંગલોર
- ૨૦૦૦/- શ્રીમતી ચીત્રા દાસગુપ્તા, બેંગલોર
- ૧૫૦૪/- શ્રી પ્રદીપ પદમશી લાપસીયા (કોઠારા) મુલુંડ
- ૧૦૦૦/- શ્રી જૈન અચલગચ્છ સમાઈક મંડળ, વર્ધમાન નગર, મુલુંડ

### કાયમી મિષ્ટાન ભોજન - ૧૫૦૦૦

- શ્રીમતી હીરાવંતી લક્ષ્મીચંદ ધરમશી (કોઠારા) બીજાપુર, બેંગલોર
- શ્રી લક્ષ્મીચંદ વીશનજી ધરમશી (કોઠારા) બીજાપુર, બેંગલોર
- શ્રીમતી શુશીલાબેન બંકીમચંદ ધરમશી (સુથરી) મુંબઈ
- અનીતા જી. શાહ (લાલા) મુંબઈ શ્રીમતી મીનાબેન પ્રવીણ ડાઘા (વરાડીયા) ચેન્નઈ ના સ્મરણાર્થે

### કાયમી બપોરનું સાદુ ભોજન - ૧૦૦૦૦

- શ્રી મેઘજી ભાણજી પોલડીયા (ડુમરા) નાગપુર
- શ્રી પ્રફુલ ઉમદેલાલ વ્રજલાલ શાહ (માસ્તરજી) ગદગ
- શ્રી નેણશી હીરજી વીકમશી, કેપ્ટન (જખૌ) મુલુંડ, હસ્તે શ્રી શાંતીલાલ નેણશી તથા ઉર્મીલા ખુશાલ વીકમશી (જખૌ) મુલુંડ
- શ્રીમતી શુશીલાબાઈ સોહનલાલ બોહરા, સીંધનુર (કર્નાટક)

### કાયમી સવારનો ચા-નાસ્તો - ૫૦૦૦

- શ્રી મણિલાલ દેવશી ખોના, હ. ચદ્રેશ ખોના (મંજલ) ડોંબિવલી
- માતુશ્રી પ્રેમાબાઈ લખમશી માણાવાલા (નલીયા) હસ્તે - સુપુત્રી માનબાઈ નેણશી હીરજી વીકમશી (જખૌ) મુલુંડ

### કાયમી બપોરની ચાય- ૨૦૦૦

- શ્રીમતી દત્તા નરેન્દ્ર માણેકજી ખોના (નલીયા) કોચીન
- શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સમાજ, વડોદરા
- માતુશ્રી પુરબાઈ વાલજી મોતા ના સ્મરણાર્થે, હસ્તે શ્રી જયંતકુમાર ધુલ્લા (સુથરી) કલકત્તા.

### એક ટંક મિષ્ટાન્ન ભોજન -૨૦૦૦

- શ્રી તનવીર વીરેશ ધાવનાવર, ગદગ
- માતુશ્રી પ્રેમાબાઈ ગોવીંદજી પુનશી વીકમશી (પલવીગી) હસ્તે પ્રતાપચંદ વીકમશી
- માતુશ્રી લક્ષ્મીબેન જવેરચંદ ધરમશી (કોઠારા) બીજાપુર
- માતુશ્રી કુંવરબાઈ ઉમરશી છેડા (સુથરી) મસ્જીદબંદર
- શ્રીમતી મધુકાન્તાબેન લહેરચંદ લોડાયા, ગદગ
- પૂજા રૂપેશ વસંત છેડા (આસંબીયા) ઈન્ડી
- ક્રેઝી ક્રુ, ગદગ
- શ્રી ગુલાબ હીરજી છેડા (નલીયા) બેંગલોર
- શ્રી લાલજી માણેકજી લોડાયા (કોઠારા) ગદગ
- શ્રીમતી પ્રેમીલાબેન કિશોરચંદ ખોના (નલીયા) બેલ્લારી, હસ્તે શ્રી જનક ખોના.
- શ્રી જયચંદ નરશી લોડાયા (નલીયા) ચેમ્બુર

### ભેટ આપવા માટે યોજનાઓ

| | |
|---|---|
| ૨,૫૦,૦૦૦/- | નવી વિંગમાં B or C or D Block ના દાતા |
| ૨,૦૦,૦૦૦/- | એક Visitors રૂમના દાતા |
| ૧,૦૦,૦૦૦/- | સહાયક સ્તંભ દાતા શીલા ઉપર નામ આવશે |
| ૧,૦૦,૦૦૦/- | કોઈપણ એક વ્યક્તિ ને ૧૫ વર્ષ માટે નિશુલ્ક દાખલ કરી શકાશે |
| ૧૫,૦૦૦/- | કાયમી બપોરનું મિષ્ટાન ભોજન |
| ૧૦,૦૦૦/- | કાયમી બપોરનું સાદું ભોજન |
| ૭,૫૦૦/- | કાયમી સાંજનું સાદું ભોજન |
| ૫,૦૦૦/- | કાયમી સવારનો ચા-નાસ્તો |
| ૨,૦૦૦/- | કાયમી બપોરની ચાય |
| ૨,૦૦૦/- | એક ટંક મિષ્ટાન ભોજન આશ્રમવાસીઓ સાથે |

**આ ટ્રસ્ટને અપાતું દાન I.T. ACT 1961/U/S 80 G હેઠળ કરમુકિતને પાત્ર છે**

મુંબઈ સંપર્ક : શ્રી કુલીનકાંત ચાંપશી લુઠીયા - 098200 39469, શ્રી હેમાંગ રાયચંદ ધરમશી - 09820022638

# મળવા જેવા માણસ

## શ્રી જયેશ ભાગચંદ જૈન-કોઠારા (મુલુંડ)





મારા માટે ખૂબ જ આનંદનો વિષય છે કે મને આપણી જ્ઞાતિના સમર્પિત આગેવાન શ્રી જયેશ જૈનની ટેલિફોનિક મુલાકાત લેવાનો અવસર મળ્યો. તેઓશ્રી આપણી ક.દ.ઓ. જ્ઞાતિ ઉપરાંત સમગ્ર કચ્છી સમાજ તેમજ મુંબઈ અને સમગ્ર કચ્છમાં પણ તેમના કાર્યો માટે જાણીતા છે.

જયેશભાઈ કચ્છમાં તેમના માતા-પિતા સાથે રહેતા હતા. ઈ.સ. ૧૯૮૮માં આગળના અભ્યાસ માટે મુંબઈ આવ્યા અને શ્રી વીરજી લધાભાઈ વિદ્યાર્થીગૃહમાં બે વરસ રહીને અભ્યાસ કર્યો. તેમના માતા-પિતા ઈ.સ. ૧૯૯૦માં ડોંબિવલી નિવાસી બન્યા અને જયેશભાઈ પણ તેમની સાથે ડોંબિવલી રહેવા ગયા.

જયેશભાઈના પિતાશ્રી ભાગચંદ્ર દામજી જૈન ધાર્મિક અને સામાજિક ટ્રસ્ટોમાં લાંબા સમયથી કાર્યરત હતા એટલે જયેશભાઈ હંમેશા જ્ઞાતિજનો અને જરૂરતમંદો માટે કંઈક કરવાની લાગણી ધરાવતા હતા. ડોંબિવલીના વસવાટ દરમ્યાન તેઓ શ્રી ગોવિંદજી લાલજી પટેલ (સાંધવ-મુલુંડ), શ્રી પ્રવિણ હંસરાજ લોડાયા (આરીખાણા-મુલુંડ), શ્રી કિરણ લાલજી દંડ (પ્રજાઉ-મુલુંડ)ના સંપર્કમાં આવ્યા અને આ ચારેય નવયુવાનોના મનમાં જ્ઞાતિસેવાની ભાવનાના બીજ રોપાયાં. ઈ.સ. ૧૯૯૧માં તેઓએ સાથે મળી શ્રી શાંતિજીન જૈન જાગૃતિ ગ્રુપની સ્થાપના કરી. ચારેય યુવાનોના મનમાં જરૂરતમંદોને મદદરૂપ થવાની ઈચ્છા હતી પણ ક્યાંથી શરૂ કરવું ? તેઓએ નિર્ણય લીધો કે સમાજને શ્રમદાનથી પણ મદદરૂપ થઈ શકાય તે માટે તૈયાર રહેવું તે ઉપરાંત તેમણે સેવા યોજના માટે જરૂરી હોય એટલું જ ફંડ લેવાનું નક્કી કર્યું. જરૂરતથી વધુ ફંડ ભેગુ ન કરવાનો નિર્ણય લીધો.

શ્રી શાંતિજીન ગ્રુપના પ્રમુખ તરીકે શ્રી જયેશ જૈન, ઉપપ્રમુખો શ્રી ગોવિંદજી પટેલ તથા શ્રી પ્રવિણ લોડાયા અને મંત્રી શ્રી કિરણ પટેલ સાથે સમયની સાથે સાથે અન્ય કાર્યકરો પણ જોડાયા. આજે શાંતિજીન ગ્રુપમાં ૫૦૦થી વધુ કાર્યકરો જોડાયેલ છે. જેમાંથી ૨૦૦ જેટલા કાર્યકર્તાઓ સક્રિય અને સમર્પિત રીતે કાર્યરત છે. આ બધા કાર્યકરો ગ્રુપની કરોડરજ્જુ સમાન છે. અને તેથી ખૂબજ ટૂંકા ગાળામાં મોટા આયોજનો હાથ ધરી શકાય છે. શ્રી શાંતિજીન ગ્રુપ રજિસ્ટર ટ્રસ્ટ નથી. બધો જ નાણાંકીય વ્યવહાર ભારતીબેન ભાગચંદ દામજી જૈન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા થાય છે.

જયેશભાઈ તથા ગોવિંદજીભાઈના ધ્યાનમાં આવ્યું કે આપણી જ્ઞાતિના અનેક યુવાનો ઓછા ભણતર, ઓછી આવક જેવા કારણોને લઈને અપરિણીત છે. તેથી તેઓએ સગપણ સંમેલન અને સમુહ લગ્ન જેવા આયોજનો શ્રી શાંતિજીનના નેજા હેઠળ શરૂ કર્યા છે. તેઓએ અમુક અનાથાલયોનો સંપર્ક સાધી ત્યાંની દિકરીઓને આપણા કે.ડી.ઓ. જ્ઞાતિના યુવાનો સાથે પરણવા પ્રોત્સાહિત કરી. એમના પ્રયત્નોના પરિણામે વિવિધ અનાથાલયોની ૨૦૦ જેટલી દિકરીઓ આપણી જ્ઞાતિના યુવાનોને પરણી છે. જયેશભાઈના જણાવ્યા અનુસાર આ બધી દિકરીઓ આપણા જ્ઞાતિ પરિવારોમાં સરસ રીતે

ભળી ગઈ છે અને સુખી લગ્નજીવન ગાળે છે. શાંતિજીનની ટીમ આ માટે જ્ઞાતિના પરણવા ઈચ્છુક યુવકોની સંપૂર્ણ માહિતી મેળવે છે તથા તેનો અભ્યાસ કરે છે એ પછી જ દિકરીઓ સાથે તેમની મુલાકાત ગોઠવે છે. દિકરીઓની સાથે પરિચય કરાવતા પહેલા યુવકોના ઘર-પરિવારની મુલાકાત કરી યુવકની પ્રવૃત્તિ, અભ્યાસ, આવક તથા અન્ય બાબતોની ચકાસણી દિકરીના પરિવારજનોની જેમ કરે છે. ગ્રુપ દ્વારા લગ્ન પછી પણ દિકરીઓની સંપૂર્ણ સંભાળ માતા-પિતાની જેમ જ લેવામાં આવે છે. અત્યાર સુધી શાંતિજીન દ્વારા ૨૯ સમુહલગ્ન આયોજીત થયા છે. જેમાં ૫૦૦ જેટલા યુગલોએ પ્રભુતામાં પગલા પાડ્યા છે.

વર્ષ ૨૦૦૧માં કચ્છના ભૂકંપ સમયે શાંતિજીન ગ્રુપ દ્વારા જરૂરતમંદોને દરેક પ્રકારની સહાયતા પહોંચાડવામાં આવી હતી. વર્ષ ૨૦૦૫માં જ્યારે મુંબઈ જળબંબાકાર બન્યું હતું. ત્યારે શાંતિજીન દ્વારા ડોંબિવલી, વિઠ્ઠલવાડી તથા અન્ય પરા વિસ્તારોમાં જ્ઞાતિજનોને અનાજ, કરિયાણું, કપડા, ધાબળાં જેવી જીવન જરૂરી વસ્તુઓ પહોંચાડવામાં આવી હતી. વર્તમાન કોરોના સંકટમાં પણ શાંતિજીન દ્વારા સમગ્ર મુંબઈ તથા આસપાસના પરા વિસ્તારોમાં જરૂરતમંદ જ્ઞાતિજનોને અનાજ, કરિયાણું પહોંચાડવામાં આવ્યું છે. તથા કચ્છમાં જરૂરતમંદ જ્ઞાતિજનોને રોકડ મદદ પણ આપવામાં આવી છે. આમ સંકટના દરેક સમય શ્રી શાંતિજન ગ્રુપ જ્ઞાતિજનોની સહાયતા માટે તત્પર રહે છે.

જયેશભાઈ વેપાર-ધંધામાં વ્યસ્ત રહે છે. તેઓ મુંબઈ ઉપરાંત દુબઈ તથા અમેરિકામાં પણ કાર્યાલય ધરાવે છે. આવી વ્યસ્તતામાંથી પણ સમય કાઢી તેઓ ક.દ.ઓ. જ્ઞાતિ તથા શ્રી શાંતિજીન ગ્રુપની પ્રવૃત્તિઓને હંમેશા અગ્રતા આપે છે.

– ડૉ. હિરાચંદ દંડ


**સાડીઓના અનુભવી શાંતીભાઈને મળો...**
પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક,
મોચી ટાકો, બટ કસબ, ફુલહારી, ધારવાડી,
હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓ અને
ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે.
તેમજ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે.
તમારી જુની સાડીઓને ઓલ્ટર કરી આપશું.
**સોનલ આર્ટ**
**Mob.: 99678 41792**
'શિવમ', ડી-૨૦૧, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ,
રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.


## તારા યોગ્ય બનવું છે, ૐકાર

મારે નથી જોઈતું તારું કોઈ વરદાન,
કે સહારો કે તારી કૃપા, સંભાળ કે શાન,
ભગવાન તું મારી સાથે છે તે જ છે બસ,
સાધના કરી સિદ્ધતા પામું એ જ છે આશ.

હે પ્રભુ માગ્યા વગર તેં મને આપી
દરેક આવડત અને શક્તિ અમાપ,
જો વિકટ સંજોગોમાં જીવું સમતાપુર્વક,

ત્યારે આપજે શાબાશી ભરચક્ક.
બધી ગણતરીઓ ઉંધી પડતી હોય,
અણધાર્યું બનતું હોય,
ત્યારે જીવન જીવું હાસ્ય અને આનંદમાં,
તો થોડી પીઠ થાબડજે પ્રેમમાં.

પ્રસંગો મનને અશાંત કરતા હોય,
પરિસ્થિતિ ગુસ્સો પ્રેરે તેવી હોય,
ત્યારે શાંતિથી ઉપાય શોધું સહજે,
તો પ્રોત્સાહનના શબ્દ બે કહેજે.

ટીકા ને નિંદા નો વરસાદ વરસે,
મારા સફળ કાર્યોના હાર બીજા પહેરે,
ત્યારે સ્થિતપ્રજ્ઞ્ બની રહું કાર્યશીલ ,
તો થોડી તાળી પાડજે જીંદાદિલ.

પ્રલોભનોના આકર્ષણ લલચાવતા હોય,
પ્રશંસા, ખુશામત વચ્ચે મન ડોલતું હોય,
ત્યારે જો એનો સામનો કરું સાક્ષી ભાવે,
તો એ તટસ્થતા માટે શાબાશી આપજે.

મુશ્કેલીઓ ઘેરી વળે ત્યારે,
શ્રદ્ધા ડગુમગુ થઇ જાય ત્યારે,
પ્રતીક્ષા કરું, આપ્યા વગર કોઈને દોષ,
તો થોડી આપજે શાબાશી ખાસ.

માગ માગ કરવાનું તેં શીખવ્યું નથી,
પુરુષાર્થ સિવાય કાંઈ આવડતું નથી,
આ નથી મારો અહમ કે અહંકાર,
સાધના કરી તારા યોગ્ય બનવું છે, ૐકાર.

– તિલકચંદ કુંવરજી લોડાયા, ચેન્નઈ

# REDESIGNING, RESETTING and REPURPOSING COMMUNITY GOALS

## Part- 1

Post- COVID-19 era there are going to be NEW - NORMALS in every walk of human life in the world. Our country and community is not going to be an exception. The reasons for this upheaval are well-known and need no elaboration. Reform, Reform and Reform the antic laws, procedures and thinking are the buzz words and in things.

The written history of our community in the form of contemporary articles in Prakash Samiksha of last 85 years it is seen that there has been a tremendous progress in our community, of which we should be proud of. But surprisingly the challenges like poverty alleviation, housing and education faced by the community in those years and in the present day have remained the same, though the nature and characteristics of them have changed. Do we need to review and introspect over the strategies the community had been adopting and now to be adopted?

Why, what, when and how of this state of affairs neither serves any purpose nor it is the purpose of this article.

Hence this article is an APPEAL to KDO youngsters, not in physical age but in thinking, to dispassionately ASSESS, ANALYSE and ACT on some of the challenges the community is facing at present and successfully solve them.

## COMMUNITY HOUSING

There can be no opinions on this challenge and hence the subject needs no elaboration.

THE OPPORTUNITY, OFFER & APPEAL.

